પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૫૯ • કુલ પાના : ૪ • તારીખ : ૨૭-૦૨-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### દિલ્હી લીકર પોલિસી કેસ:

## CBI દ્વારા સિસોદિયાની પૂછપરછ કરાઈ : CBIની ઓફિસ બહાર આપના કાર્યકરોની ભારે ભીડ



નવીદિલ્હી,

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા લીકર પોલીસી કેસમાં પૂછપરછ માટે સીબીઆઈ સમક્ષ હાજર થયા હતા.સીબીઆઈ દ્વારા સિસોદિયાની પૂછપરછ કરવામાં આવી છે. તેઓ તેમના સમર્થકો સાથે તેમની કારમાં તપાસ એજન્સીની ઓફિસ જવા રવાના થયા હતા. આ દરમિયાન પાર્ટી સમર્થકોએ કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.સીબીઆઈ ઓફિસે પહોંચતા પહેલાં મનીષ સિસોદિયા રાજઘાટ ગયા હતા અને થોડા સમય માટે મૌન રહી પ્રાર્થના કરી હતી આ પ્રસંગે આપના નેતા સંજય સિંહ સહિતના નેતા તેમની સાથે હતો આ પહેલાં મનીષ સિસોદિયા તેમનાં માતાને મળવા ગયા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા. સિસોદિયા સીબીઆઈ ઓફિસે લગભગ ૧૫ મિનિટ મોડા પહોંચ્યા હતા.

બીજીબાજુ મનીષ સિસોદિયાની પુછપરછને ધ્યાનમાં રાખી દિલ્હી પોલીસે કડક સુરક્ષા વ્યવસ્થા કરી હતી. સીબીઆઈ હેડક્વાર્ટરની આસપાસ દોઢ હજાર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં. લાલા લજપત રાય માર્ગ સહિત મોટી સંખ્યામાં સમર્થકો આવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને લોધી કોલોની સ્થિત સીજીઓ કોમ્પ્લેક્સની આસપાસના તમામ માર્ગો સવારે બંધ કરી દેવામાં આવ્યા હતાં.

દિલ્હી પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે આપના કાર્યકરો કોઈપણ પ્રકારનો હોબાળો ન કરે અને તેમને રોકવા માટે મોટી સંખ્યામાં પોલીસ જવાનોને તહેનાત કરવામાં આવ્યા હતાં સમગ્ર વિસ્તારમાં ૧૪૪મી કલમ લાગુ કરવામાં આવી છે જો કે આપના કાર્યકરો દ્વારા ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં દિલ્હી સરકારના મંત્રી ગોપાલ રાય સહિત અનેક સમર્થકોને પોલીસે કસ્ટડીમાં લીધા હતાં પોલીસનું કહેવું છે કે કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે તેમની અટકાયત કરવામાં આવી છે.

સીબીઆઈ ઓફિસે પહોંચતા પહેલાં સિસોદિયાએ કહ્યું, 'હું તમને કહેવા માગું છું કે મને શાળાઓમાં ભણતાં બાળકો ખૂબ ગમે છે. એવું ન સમજતા કે શિક્ષણમંત્રી મનીષ ચાચા જેલમાં ગયા, હવે તો રજા પડી ગઈ. કોઈ રજા રહેશે નહીં. મારી અપેક્ષા મુજબ મહેનતથી અભ્યાસ કરજો. મન લગાવીને ભણજો. સારા માર્ક્સે પાસ થવાનું છે. જો મને ખબર પડશે કે અમારાં બાળકોએ બેદરકારી દાખવી તો મને દુઃખ થશે. જો મને આવી ખબર પડી તો હું ખાવાનું છોડી દઈશ.

મનીષ સિસોદિયાએ રાજઘાટ ખાતે કહ્યું હતું કે તેમની પત્ની બીમાર છે અને ઘરે એકલી છે, તેમની સંભાળ રાખવા વિનંતી કરી કારણ કે તેમનો પુત્ર પણ યુનિવર્સિટીમાં ભણે છે. આ અંગે અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મનીષ સિસોદિયા, અમે તમારા પરિવારનું ધ્યાન રાખીશું, ચિંતા કરશો નહીં. સિસોદિયાએ લોકોના નામે એક સંદેશમાં કહ્યું હતું કે જ્યારે હું ટીવી ચેનલમાં હતો, ત્યારે સારી એવી સેલેરી હતી, એંકર હતો. જીવન પણ સારું ચાલી રહ્યું હતું. તે બધું છોડીને હું કેજરીવાલની સાથે આવી ગયો. ઝૂંપડપટ્ટીમાં રહેતા લાકો માટે કામ કરવા લાગ્યો હતો. હવે આજે જ્યારે આ લોકો મને જેલમાં ધકેલી રહ્યા છે, ત્યારે મારી પત્ની ઘરે એકલી રહે છે, તે બીમાર રહે છે, પુત્ર યુનિવર્સિટીમાં ભણે છે. તમારે તેમનું ધ્યાન રાખવાનું છે.

નાયબ મુખ્યમંત્રીની પુછપરછ અંગે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું, 'આજે સિસોદિયાને પૂછપરછ માટે સીબીઆઈ હેડક્વાર્ટરમાં બોલાવવામાં આવ્યા છે. મને સૂત્રો પાસેથી માહિતી મળી છે કે સિસોદિયાની ધરપકડ થઈ શકે છે. આ ખૂબ જ નિરાશાજનક છે.બીજી તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મનીષ સિસોદિયાના સમર્થનમાં ટ્વીટ કર્યું અને લખ્યું, ભગવાન મનીષ તમારી સાથે છે. લાખો બાળકો અને તેમના માતા-પિતાના આશીર્વાદ તમારી સાથે છે. જ્યારે તમે દેશ અને સમાજ માટે જેલમાં જાઓ છો ત્યારે જેલમાં જવું એ અભિશાપ નથી,

કેજરીવાલે આગળ જણાવ્યુ કે, હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તમે જલ્દીથી જેલમાંથી પાછા ફરો. બાળકો, માતા-પિતા અને અમે બધા દિલ્હી તમારી રાહ જોઈ રહ્યા છીએ. જે દેશમાં ગરીબ બાળકોને સારું શિક્ષણ આપનારાઓ અને તે બાળકોનું ભવિષ્ય ઘડનારાઓ જેલમાં હોય અને અબજોનું કૌભાંડ કરનારા વડાપ્રધાનના નજીકના મિત્રો હોય તે દેશમાં કેવી રીતે પ્રગતિ થશે?

દિલ્હીમાં વિવાદાસ્પદ લીકર પોલિસી પર ઘેરાયેલા મનીષ સિસોદિયાની વિરુદ્ધ કાર્યવાહીને મંજૂરી આપી દીધી છે. ખરેખર સિસોદિયા પર વિપક્ષના નેતાઓની જાસૂસી કરવાનો આરોપ છે. આ મામલે સીબીઆઈએ દિલ્હીના ડેપ્યુટી સીએમ સામે કેસ ચલાવવા માટે ગૃહ મંત્રાલય પાસે મંજૂરી માગી હતી.ભાજપના સાંસદ મનોજ તિવારીએ આ મામલે કેજરીવાલ સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું- દિલ્હીનું ફીડબેક યુનિટ જાસૂસી કરી રહ્યું છે. આપ છુપાઈને વાતો સાંભળી રહી છે. છછૅંના નેતાઓ દિલ્હી માટે કામ નથી કરતા, પરંતુ દિલ્હીના કરદાતાઓના રૂપિયાથી ગેરકાયદે રીતે જાસૂસી કરી રહ્યા છે.

## ભારતમાં વધતી જતી ગરમી, વધુ એક ઊર્જા સંકટની શક્યતા




ભારતમાં વધતી જતી ગરમીએ બીજા એક વધુ ઊર્જા સંકટ સામે ખતરાની ઘંટડી વગાડી છે. ગરમીને લીધે દેશનાં અનેક રાજ્યોમાં તાજેતરમાં વીજળીની માંગમાં વિક્રમજનક વધારો થયો છે જેને કારણે ઉનાળામાં વીજળી સંકટ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

જાન્યુઆરીમાં વીજળીની માંગ વ્યસ્ત મોસમ જેટલી ૨૧૧ ગીગાવૉટસ વધી હતી. જે ગયા ઉનાળામાં વીજળીની ઓલટાઈમ હાઈ માંગ જેટલી હતી. કોરોનાની મહામારીમાંથી બહાર આવેલા વેપાર-ધંધા ઉદ્યોગોમાં વીજળીની માંગમાં વધારો થયો હતો. ગરમીનું પ્રમાણ એટલું વધ્યું હતું જે ૧૨૨ વર્ષ જૂના ગરમીનાં રેકોર્ડને તોડવાની નજીક પહોંચી ગયું હતું. ભારતનાં હવામાન ખાતાનાં જણાવ્યા મુજબ દેશનાં કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા ૧૧ ડિગ્રી સેન્ટિગ્રેડ વધારે નોંધાયું હતું. ગરમીનું પ્રમાણ વધતા ખેડૂતોને ઘઉં તેમજ અન્ય પાક બળી ન જાય તે માટે તકેદારી રાખવા સાવધ કરાયા હતા.સતત બે વર્ષનાં અવરોધો પછી અસાધારણ ગરમીને કારણે વીજળીનોન વપરાશ વધ્યો હતો. સિંચાઈ માટે પંપ વધુ ચલાવવામાં આવ્યા હતા અને એરકન્ડિશનર્સનો ઉપયોગ પણ વધ્યો હતો જે બીજું વીજળી સંકટ સર્જવા ખતરાની આલબેલ પોકારતો હતો. વીજળીનો વપરાશ વધતા દેશનાં એનર્જી નેટવર્ક પર દબાણો સર્જાયા હતા.

આયાતી કોલસાનો ઉપયોગ કરતા વીજળી ઉત્પાદન મથકોને અગાઉથી જ ઉનાળામાં ૩ મહિના માટે પૂર્ણ ક્ષમતાએ કામ કરવા આદેશ આપવામાં આવ્યો છે જેથી બ્લેકઆઉટને ટાળી શકાય અને દેશનાં કોલસા પુરવઠા પર ઓછું દબાણ સર્જાય. દેશનાં ઊર્જા મંત્રાલયનાં જણાવ્યા મુજબ એપ્રિલમાં વીજળીની માંગ ૨૨૯ ગીગાવૉટની નવી ઊંચી સપાટી બનાવી શકે છે.ફેબ્રુઆરીમાં રાજસ્થાનમાં વીજળીની માંગમાં અસાધારણ વધારો થયો હતો જેને કારણે સ્થિતિ ચિંતાજનક બની હોવાનું રાજસ્થાનનાં વીજળી પ્રધાન ભંવરસિંહ ભાટીએ જણાવ્યું હતું. રહેઠાણો તેમજ ખેતી માટે વીજળી પુરવઠામાં રેશનિંગ દાખલ કરવા ફરજ પડી હતી. ગયા ઉનાળા કરતા આ વખતે વીજળીની માંગમાં ૨૦થી ૩૦ ટકા વધારો થવાની ધારણા છે.દેશમાં ૭૦ ટકા વીજળીનું ઉત્પાદન કોલસાન આધારિત વીજ મથકો દ્વારા થાય છે. હાલ વીજ મથકો ખાતે કોલસાનો પુરવઠો લક્ષ્યાંક કરતા ૪૫ મિલિયન ટન ઓછો છે. માર્ચનાં અંત સુધીમાં તે પૂરો કરવા સરકારને કહેવામાં આવ્યું છે.

### વડાપ્રધાનની રેડિયો પર મન કી બાત

## સમાજની શક્તિથી દેશની શક્તિ વધે છે. આજે દરેક વ્યક્તિ પોતાની રીતે ચેમ્પિયન છે



નવીદિલ્હી,

પીએમ મોદીએ મન કી બાતમાં જણાવ્યું હતું કહ્યું, 'જ્યારે અમે 'મન કી બાત'માં વાર્તા કહેવાની ભારતીય શૈલીઓ વિશે વાત કરી તો તેમની ખ્યાતિ પણ દૂર દૂર સુધી પહોંચી. જ્યારે 'મન કી બાત'માં ભારતીય રમકડાંની વાત હતી ત્યારે દેશના લોકોએ તેને પ્રમોટ પણ કર્યો હતો. મને એ દિવસ યાદ છે જ્યારે અમે 'મન કી બાત'માં ભારતની પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. તે સમયે દેશમાં ભારતીય રમતોમાં જોડાવા, માણવા અને શીખવાની લહેર ઉભી થઈ હતી. આપણે 'મન કી બાત'ના જુદા જુદા એપિસોડમાં જોયું છે કે કેવી રીતે સમાજની શક્તિ સાથે દેશની શક્તિ વધે છે.

પીએમ મોદીએ કહ્યું, 'સરદાર પટેલની જન્મજયંતિના અવસરે અમે 'મન કી બાત'માં ૩ સ્પર્ધાઓ વિશે વાત કરી. આ સ્પર્ધાઓ દેશભક્તિ પર ગીતો, લોલીઓ અને રંગોળી પર આધારિત હતી. મને જણાવતા આનંદ થાય છે કે દેશભરના ૭૦૦ થી વધુ જિલ્લાઓમાંથી ૫ લાખથી વધુ લોકોએ તેમાં ભાગ લીધો છે. પીએમે કહ્યું, 'આ અવસર પર, મારા માટે લતા મંગેશકર જીને યાદ આવે તે સ્વાભાવિક છે, કારણ કે જે દિવસે આ સ્પર્ધા શરૂ થઈ હતી, લતા દીદીએ ટ્વીટ કરીને દેશવાસીઓને વિનંતી કરી હતી કે તેઓએ આ સ્પર્ધામાં જોડાવું જોઈએ.'

આ દરમિયાન તેમણે કહ્યું કે આપણા દેશમાં ડિજિટલ ઈન્ડિયાની શક્તિ દેખાઈ રહી છે. એક એપ ઈ-સંજીવની છે, જેના દ્વારા ટેલી-કન્સલ્ટન્સી દ્વારા ૧૦ કરોડ પરામર્શ કરવામાં આવ્યા છે. આ એપ દ્વારા દર્દી અને ડોક્ટર વચ્ચે એક અદ્ભુત સંબંધ બંધાયો છે. ભારતના લોકોએ કેવી રીતે ટેક્નોલોજીને તેમના જીવનનો હિસ્સો બનાવી લીધો છે તેનું આ જીવંત ઉદાહરણ છે. કોરોનાના યુગમાં પણ ઈ-સંજીવની એપ લોકો માટે ખૂબ જ ફાયદાકારક રહી છે.

અમારી સાથે સિક્કિમના મદન મણિજી છે. તેણે ધનબાદથી એમબીબીએસ કર્યું અને બનારસ યુનિવર્સિટીમાંથી પણ અભ્યાસ કર્યો. તેમણે ગ્રામીણ વિસ્તારોમાં સેંકડો લોકોને ટેલિ-કન્સલ્ટેશન આપ્યું છે. મદનમણિજીના કહેવા પ્રમાણે, સિક્કિમની નજીકની હોસ્પિટલોમાં કાર દ્વારા જવું પડે છે. આવી સ્થિતિમાં લોકો ટેલી-કન્સલ્ટન્સી દ્વારા જોડાય છે. વેલનેસ સેન્ટરમાં, કોમ્યુનિકેશન હેલ્થ ઓફિસર અમને દર્દીની તમામ સમસ્યાઓ જણાવે છે અને અમે તેને સારવાર માટે સલાહ આપીએ છીએ. મદનમણિજીના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં તેમણે ટેલી-કન્સલ્ટન્સી દ્વારા ૫૩૬ દર્દીઓની સારવાર કરી છે.

પીએમ મોદીએ યુપીના ચંદૌલી જિલ્લાના રહેવાસી મદન મોહન સાથે વાત કરી. મદન મોહન ડાયાબિટીસના દર્દી છે અને ટેલિ-કન્સલ્ટેશનની મદદથી તેમની સારવાર કરાવી રહ્યા છે. મદન મોહનના કહેવા મુજબ જિલ્લામાં હોસ્પિટલ દૂર છે. આવી સ્થિતિમાં, અમે ટેલિ-કન્સલ્ટેશન દ્વારા ડૉક્ટરનું માર્ગદર્શન લઈ રહ્યા છીએ. તેમજ તે આપણો સમય બચાવે છે. ટેલિ-કન્સલ્ટેશન દ્વારા, અમને ક્યારેય લાગ્યું નહીં કે અમે ડૉક્ટરને દૂરથી બતાવીએ છીએ.

## ફરી વંદે ભારત પર પથ્થરમારો, આ રુટ પર દોડતી હાઈસ્પીડ ટ્રેનને નિશાન બનાવાઈ, તપાસ શરૂ

બેંગ્લુરૂ,

કર્ણાટકના બેંગ્લુરુમાં મૈસૂર-ચેન્નઈ વચ્ચે દોડતી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેન પર શનિવારે પથ્થરમારાની ઘટના સામે આવી છે. આ પથ્થરમારામાં ટ્રેનની બારીઓના કાંચ તૂટી ગયા હતા અને તેને નુકસાન થયું હતું. આ ઘટના કૃષ્ણરાજપુર અને બેંગ્લુરુ કેન્ટોનમેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે બની હતી. રેલવે પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

માહિતી અનુસાર કોઈ યાત્રીને નુકસાન થયું નથી. રેલવે પોલીસે ટ્રેન પર પથ્થરમારો કરવા અંગે કેસ નોંધી તપાસ હાથ ધરી હતી. હાલ કોઈની ધરપકડ કરાઈ નથી. ગત વર્ષે પીએમ મોદીએ ૧૧ નવેમ્બરે સેમી હાઈટેક ટ્રેન મૈસૂર-ચેન્નઈ વંદે ભારતને લીલીઝંડી બતાવી હતી.

દક્ષિણ પશ્ચિમ રેલવે બેંગ્લુરુ ડિવિઝને જણાવ્યું કે ચાલુ વર્ષે જાન્યુઆરીમાં રેલવેમાં સુરક્ષાદળોએ પથ્થરમારાના કુલ ૨૧ કેસ નોંધ્યા હતા. આ પ્રકારના ૧૩ કેસ ફેબ્રુઆરીમાં ડિવિઝનમાં નોંધાયા હતા. બે અઠવાડિયા પહેલા સિકંદરાબાદ-વિશાખાપટ્ટનમ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કરાયો હતો જ્યારે તે તેલંગાણાના મહેબૂબાબાદ જિલ્લામાંથી પસાર થઈ રહી હતી. અગાઉ પણ ચાલુ વર્ષે જાન્યુઆરીમાં જ પ.બંગાળના માલદામાં હાવડા જતી વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરાયો હતો. આ ઘટના ૨ જાન્યુઆરીએ બની હતી અને તેના પછી ૩ જાન્યુઆરીએ દાર્જિલિંગથી વંદે ભારત પર પથ્થરમારો કરાયાની માહિતી સામે આવી હતી.

## પાકિસ્તાનનું વધુ એક ષડયંત્ર નિષ્ફળ : પંજાબના ગુરદાસપુરમાં BSFએ ડ્રોન તોડી પાડ્યું

ગુરદાસપુર,

આર્થિક સંકટનો સામનો કરી રહેલું પાકિસ્તાન હજુ પણ પોતાની હરકતોથી બાજ નથી આવી રહ્યું. પાકિસ્તાને ડ્રોન દ્વારા ભારતમાં હથિયાર અને હેરોઈન મોકલવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આપણા બહાદુરોએ પાકિસ્તાનના આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પંજાબના ગુરદાસપુર સેક્ટરમાં BSFની ૧૧૩ બટાલિયનના બહાદુર જવાનોને રાત્રે ૨:૧૨ વાગ્યે બોર્ડર પર ડ્રોનની ગતિવિધિની જાણ થઈ હતી. બીએસએફના જવાનોએ તાબડતોડ ફાયરિંગ કરીને ડ્રોનને તોડી પાડ્યું હતું. જવાનોએ તેના પર ૬૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. તેઓએ તેના પર ૫ ઈલુ બોમ્બ ફેંક્યા હતા ત્યારબાદ ડ્રોન નજીકના સહારન વિસ્તારમાં પડ્યું અને પાકિસ્તાનના આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. BSFની ૧૧૩ બટાલિયનના બહાદુર જવાનોએ ગઈ કાલે પણ એક ડ્રોનને તોડી પાડ્યું હતું. જવાનોએ તે ડ્રોનમાંથી ૨૦ પેકેટ હેરોઈન, પિસ્તોલ અને દારૂગોળા જપ્ત કર્યા હતા. ગુરદાસપુર સેક્ટરમાં બીએસએફની ૧૧૩ બટાલિયન પહેલા પણ તરનતારનમાં આવી જ ઘટના જોવા મળી હતી. શુક્રવારની રાત્રે પાકિસ્તાન તરફથી ભારતીય વિસ્તારમાં એક ડ્રોન મોકલવામાં આવ્યું હતું જે લગભગ ૧૩ મિનિટ સુધી સરહદ પર દેખાઈ રહ્યું હતું. જ્યારે બીએસએફ જવાનોએ ગોળીબાર કર્યો ત્યારે ડ્રોન પરત ફરી ગયુ હતું.

## મેઘાલય, નાગાલેન્ડ આજે કડક સુરક્ષા વચ્ચે મતદાન યોજાશે

કોહીમા,

ઉત્તર-પૂર્વીય રાજ્ય મેઘાલય અને નાગાલેન્ડમાં યોજનારી વિધાનસભાની ચૂંટણી માટેના પ્રચાર અભિયાનનો શનિવારે અંત આવ્યો હતો અને હવે બંને રાજ્યોમાં આવતીકાલે ૨૭મી ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે, જ્યારે મત ગણતરી ૨ માર્ચના રોજ હાથ ધરાશે. મેઘાલયમાં વિધાનસભાની કુલ ૫૯ બેઠકો છે, જ્યારે નાગાલેન્ડમાં ૬૦ બેઠકો પૈકી ૫૯ પર મતદાન યોજાશે. નાગાલેન્ડના ઝૂન્હેબોટો જિલ્લાની અકુલુતો બેઠક ભાજપના વર્તમાન ધારાસભ્ય કાઝેટો કિનિમીએ બિનહરીફ જીતી લીધી છે. મેઘાલયમાં મુખ્યમંત્રી કોનાર્જ સંગમાનો પક્ષ એનપીપી સત્તા જાળવી રાખવા માટે મેદાનમાં છે, જ્યારે સામે પક્ષે મુખ્ય વિપક્ષ ટીએમસીએ આ વખતે રાજ્યમાં સત્તા હાંસલ કરવા કમર કસી છે. બીજી તરફ એનપીપીના નેજા હેઠળના મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ (એમડીએ)માં પાંચ વર્ષ સુધી રાજ્યમાં સત્તામાં રહેલા ભાજપે આ વખતે કોઈ પણ પક્ષના જોડાણ વગર એકલા ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. નાગાલેન્ડના વર્તમાન શાસક પક્ષ નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી(એનડીપીપી) તથા ભાજપ વચ્ચે ૪૦:૨૦ની બેઠક વહેંચણીની સમજૂતી થઈ છે. એનડીપીપી-ભાજપનું જોડાણ સતત બીજી વાર રાજ્યમાં સત્તા હાંસલ કરવા મેદાને છે.

## શિવસેનામાં વિદ્રોહ થતા જ ઉદ્ધવે મને સીએમ પદ ઓફર કર્યું હતું

મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો હતો કે શિવસેનામાં બળવા બાદ ઉદ્ધવ ઠાકરેએ મને મુખ્યમંત્રી પદ આપવાની ઓફર કરી હતી. જ્યારે આ નિવેદન પર શિવસેના(યુબીટી) નેતા અને સાંસદ સંજય રાઉતે કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસ લોકો વચ્ચે સનસનાટી મચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

દેવેન્દ્ર ફડણવીસે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતુ કે જ્યારે એકનાથ શિંદેના નૃતૃત્વમાં ધારાસભ્યોએ બળવો પોકાર્યો હતો ત્યારે ઠાકરેએ તેમનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો પણ મેં તેમને જવાબ આપ્યો કે અમે આગળ વધી ચૂક્યા છીએ. ઉદ્ધવે કહ્યું કે જે થઈ ગયું તે થઈ ગયું, હવે તમે મુખ્યમંત્રી બની જાઓ. મેં સાફ ના પાડી દીધી કે હવે સમય વીતી ગયો છે. હું વિશ્વાસઘાત કરનારાઓમાં સામેલ નથી. હવે એકનાથ શિંદેઅ ને ધારાસભ્યો અમારી પડખે છે તો અમે તેમની સાથે દગો ન કરી શકીએ. આ અમારા રાજકારણનો હિસ્સો નથી.

શિવસેના ગુમાવ્યા બાદ પૂર્વ મુખ્યમંત્રી ઠાકરે ફરી એકવાર મિશન મહારાષ્ટ્ર પર નીકળ્યા છે. તેમણે શનિવારે જ રાજ્યવ્યાપી શિવગર્જના અને શિવસંવાદ અભિયાનની શરૂઆત કરી હતી. તે ત્રણ માર્ચ સુધી ચાલશે. અભિયાનનો ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે કાર્યકરોનો મનોબળ વધારવા અને શિવસેના ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે (યુબીટી)નો રકાસ અટકાવવાનો છે.

## કચ્છમાં ૪૯.૩૬ લાખની સોપારી અને ૧૦ લાખના ટ્રક સાથે ૨ આરોપીઓ ઝડપાયા

ભુજ,

ભુજ તથા કચ્છના પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર સામખીયાળી પોલીસ અધિકારીઓએ વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ માલ સાથે ટ્રક ઝડપી પાડી હતી.૪૯.૩૬ લાખની સોપારી અને ૧૦ લાખના ટ્રક સહિત કુલ સહિત કુલ ૫૯.૩૬ લાખનો માલ અધિકારીઓએ કબજે કર્યો હતો.

આ અંગે પોલીસ વિભાગ પ્રાપ્ત માહિતી પ્રમાણે અગાઉ થી મળેલી બાતમી પ્રમાણે સામખીયાળી પોલીસનો સ્ટાફ સવારથી રાત સુધી રાહમાં હતા.આ દરમિયાન સામખીયાળીથી માળીયા જતાં હાઈવે પર હોટલ કર્ણી પાસે ખાનગી વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું.

આ દરમિયાન પોલીસ વિભાગની પૂછપરછ દરમિયાન એક ટ્રકની તપાસ વખતે સંતોષકારક જવાબ નહીં મળતા ટ્રકમાં ભરેલ સામાન બિલ વગરનો મળી આવતા ડ્રાઈવર અને ક્લીનરની અટક કરી સામખીયાળી પોલીસ સ્ટેશન લાવી અને પોલીસ વિભાગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ વિભાગની પૂછપરછમાં જે આરોપીઓ ઝડપવામાં આવ્યા છે, તેમનું નામ ભીમાભાઈ આબાભાઈ રબારી રહે. ભરડવા ,તાલુકો સુઈગામ, જિલ્લા બનાસકાંઠા તથા બાબાભાઈ નાગજીભાઈ રબારી રહે.ખીમાણવાસ, તાલુકો વાવ, જિલ્લા બનાસકાંઠા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે .આ બંને આરોપીઓને ઝડપી અને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઘરેલૂ હિંસાના ૪.૭૧ લાખ કેસ પેન્ડિંગ, સરકાર તાત્કાલિક પગલાં ભરે : સુપ્રીમ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ઘરેલૂ હિંસાને લઈને પેન્ડિંગ કેસો મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. સાથે જ કેન્દ્રને કહ્યું છે કે આ પ્રકારના મામલાઓના નિરાકરણ માટે અને મહિલા સુરક્ષાના કાયદાના અમલમાં જે મુશ્કેલીઓ આવી રહી છે તેના ઉકેલ માટે રાજ્યોના સચિવોની સાથે બેઠક યોજવામાં આવે. કોર્ટે કહ્યું હતું કે જુલાઈ ૨૦૨૨ સુધીમાં દેશમાં ઘરેલુ હિંસાના ૪ ચાખ ૭૧ હજાર કેસો પેન્ડિંગ હતા જે બહુ જ દુઃખદ છે. કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોની સાથે મળીને મહિલાઓ પર અત્યાચાર અટકાવવા માટે યોગ્ય દિશામાં પગલા લેવા લે.

સુપ્રીમ કોર્ટે ઘરેલૂ હિંસા કાયદા અંતર્ગત સંરક્ષણ અધિકારીઓની નિમણૂકનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે તેની સંખ્યા નિરાશાજનક છે. ન્યાયાધીશ એસઆર ભટ અને ન્યાયાધીશ દીપાંકર દત્તાની બેંચે કહ્યું હતું કે એક જિલ્લામાં આવા એક જ અધિકારીનું હોવુ પુરતુ નથી. કેમ કે આવા એક અધિકારીની પાસે ૫૦૦થી ૬૦૦ મામલા આવતા હોય છે. આ પરિસ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવને આદેશ આપ્યો હતો કે તેઓ તાત્કાલીક દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સચિવોની બેઠક બોલાવે અને આ મામલે ચર્ચા કરી નિરાકરણ લાવે.

આ બેઠકમાં નાણા, ગૃહ અને સામાજિક ન્યાય મંત્રાલયના સચિવો ઉપરાંત નેશનલ કમિશન ફોર વુમન એન્ડ નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (એનએએલએસએ)ના પ્રતિનિધિનો પણ સમાવેશ કરવામાં આવે. આ બેઠક ત્રણ સપ્તાહની અંદર બોલાવવામાં આવે. સરકાર આ બેઠકમાં મહિલાઓની સુરક્ષા માટેના કાયદાઓનો કડક અને તાત્કાલીક અમલ કરવાની દિશામાં યોગ્ય પગલા લે, સાથે જ જે કેસો પડતર છે તેનું પણ ઝડપથી નિરાકરણ લાવવામાં આવે.

વી ધ વુમન ઓફ ઈન્ડિયા નામની સંસ્થા દ્વારા મહિલાઓ પરના ઘરેલુ હિંસાના મામલાઓના નિરાકરણ અને મહિલા સુરક્ષા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેની સુનાવણી દરમિયાન દેશમાં પડતર કેસોની જાણકારી પણ આપવામાં આવી હતી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના વર્ષ ૨૦૧૯ના આંકડા મુજબ મહિલાઓ પર અત્યાચાર, અપરાધના જે પણ ૪.૦૫ કેસો નોંધાયા તેમાં ૩૦ ટકા કેસો ઘરેલૂ હિંસાના છે. અન્ય એક સંશોધન મુજબ ભારતમાં વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૧૮ વચ્ચે ઘરેલૂ હિંસાના કેસોમાં ૫૩ ટકાનો વધારો થયો છે. આ સંશોધનમાં નેશનલ ક્રાઈમ્સ રેકોર્ડ બ્યૂરોના આંકડાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

દરમિયાન દિલ્હીમાં બાળ અધિકાર રક્ષણ માટેના કમિશન દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં બોલતી વેળાએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ હિમા કોહલીએ કહ્યું હતું કે ન્યાયનું મૂળ તત્વ વિવાદોના તાત્કાલીક નિરાકરણમાં જ સામેલ હોય છે, પણ આપણી વ્યવસ્થાએ આવા વિવાદોના નિરાકરણની સમયમર્યાદાને બહુ જ પ્રભાવિત કરી છે. તેમણે સાથે એમ પણ કહ્યું હતું કે બાળકો પરિવારમાં જ શારીરિક શોષણનો ભોગ બનતા હોવાના કિસ્સા વધ્યા છે અને પરિવારજનો દ્વારા જ તેને દબાવી દેવામાં પણ આવે છે. આ પ્રકારના અત્યાચાર બાળકોના આખા જીવન પર અસર પાડી રહ્યા છે.

મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગર પાલિકા ટાઉન હોલ ખાતે આયુષ મેળો યોજાયો




મહિસાગર,
આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને આયુષની કચેરી નિયામકના માર્ગદર્શનમાં મહીસાગર જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા તથા કોયડમ ધન્વંતરી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ દ્વારા આયુષ મેળા આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામપુર નગરપાલિકા ટાઉન હોલ ખાતે પ્રજાજનોની આરોગ્ય સુખાકારી હેતુ આયોજિત આયુષ મેળાને આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને અન્ય મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો.

આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, કોરોનાના કપરા કાળમાં આયુર્વેદિક દવાઓ અને હોમિયોપેથીક દવાઓ સૌની વહારે આવી હતી. તે યાદ કરી સરકારના આયુષ મેળાના આયોજનને બિરદાવ્યું હતું. શરીર સારૂં હશે તો બધું સારૂં રહેશે માટે મેડિસન કરતા આયુર્વેદ દવા લેવી જોઈએ. આયુર્વેદ દવાની કોઈ આડઅસર થતી નથી, તે માટે લાંબા ગાળાના ઉપયોગ માટે આયુર્વેદ દવા અપનાવવી જોઈએ.

વધુમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ સવારે વહેલા ઉઠી યોગ કરવો જોઈએ જેનાથી હેલ્થ સારી રહે અને શરીરમાં સ્ફુર્તિ રહે સાથે સાથે બીમારીઓથી દૂર રહી શકીએ.

ઉદ્દઘાટન કાર્યક્રમમાં શાળાની બાલિકાઓએ સ્વાગતગીત અને યોગશિક્ષકો તેમજ બાળકોએ યોગ નિદર્શન કર્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારી રણજીતસિંહ નિનામાએ સૌને આવકારતા મેળામાં આયોજિત વિવિધ સ્ટોલ તેમજ આરોગ્ય સેવાઓ વિષે માહિતી આપી હતી.

આ મેળામાં તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા હેલ્થ ઑફિસર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, સહિત આયુર્વેદિક અને હોમિયોપેથી તબીબો સહિત કર્મચારીગણ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઢીગલવાડા નાનીસિંચાઈ યોજના કેનાલ નિયમિત શરૂ થાય તે પહેલા ગાબડાં પડ્યા



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
કડાણા તાલુકાના ઢીગલવાડા ગામે ખેડૂતોને સિંચાઈના પાણી મળી રહે તે માટે શરૂ કરાયેલ કાંકરિયા તળાવ માંથી નાની સિંચાઈ યોજના કેનાલ મારફતે ખેડૂતોને પાણી આપવામા આવતું હતું. જૂની કેનાલ હતી એ વખેત ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેતું કેનાલ રીપેરીંગ કર્યા પછી કોન્ટ્રાક્ટરે લેવલ વગરનું અને હલકી ગુણવત્તા વાળું કામ કરેલ હોઈ ખેડૂતોને પાણી મળતું નથી. કેનાલનો બીપ બનાવ્યા પછી પાણી છોડતામાં જ ગાબડું પડ્યું હોવાનુ સ્થાનિક ખેડુતો જણાવી રહયા છે. આ બાબતે અવાર નવાર ફરિયાદ ઉભી થઈ હોવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા યોગ્ય ધ્યાન અપાયું નથી. હજી કેનાલ નિયમિત રીતે શરૂ થઈ નથી. ત્યાંજ કેનાલની દીવાલના અસ્તર કામમાં ગાબડા પાડવાની શરૂઆત થતા ખેડૂત લાભાર્થીઓમાં રોષની લાગણી ઉભી થઈ છે. આવા ગાબડા મોટા થાય પહેલા તાકીદે એને રિપેર કરવામાં આવે તેવી માંગ ઉભી થઇ છે.

કામમાં યોગ્ય ગુણવતા નહિ જાળવવામાં આવતા હવે ગાબડાના રૂપમાં બહાર આવતી જોવા મળે છે. હાલમાં કેનાલમાં પાણી વેડફાઈ રહ્યું છે. જેને લઈ કેનાલમાં કેટલાક ઠેકાણે ધોવાણ થયેલ હોવાનું જોવા મળી રહેલ છે. તેમજ કેનાલના અસ્તર કામમાં પણ વેઠ ઉતાર કામગીરી હોય તેમ અસ્તર કામ ઘણે ઠેકાણે તુટવા માંડ્યું છે.

હાલમાં આ વિસ્તારમાંથી પસાર થતી કેનાલની કેટલીક જગ્યા પૂરાણ ધોવાઈ ગયું છે અને અસ્તર કામ પણ ઉખડી જવા પામેલ છે. આમ ટુકા ગાળામાં કેનાલના કામમાં થયેલ ગોબાચારી દેખાવા માંડી છે, એમ કહેવાય પણ ખોટું લેખાશે નથી. જો સત્વરે રિપેરીંગ નહી થાય તો મોટું નુકશાન થાય તેવી શક્યતા જણાઈ રહેલ છે.

# બાલાસિનોર તાલુકામાં ચાલતા પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારમાં વિજિલન્સ તપાસ કરાવવા લોક માંગ




બાલાસીનોર,
મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલી પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારની દુકાનોમાં કથીત ભ્રષ્ટાચાર ની વિજિલન્સ તપાસ કરવામાં આવે તેવી ગામડાની ગરીબ અને ભોળી પ્રજાની માગણી છે.

બાલાસિનોર તાલુકાના રૈયેલી ગામે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડારની દુકાનના સંચાલક પંકજભાઈ એસ.મહેરા ચલાવે છે, પરંતુ ગ્રામસભાનું આયોજન કરેલ હતું અને ગ્રામસભામાં સરપંચ અને સંચાલક આમને સામને આવી ગયા હતા અને સંચાલકનો પરવાનો ૯૦ દિવસ માટે રદ કરેલ હતો, પરંતુ પ્રશાસન અને સંચાલક મિલી ભગત કરીને ભ્રષ્ટાચાર કરીને ૩૦ દિવસનો જ કરવાનો રદ થયો. જ્યારે આ સંચાલક ફેબ્રુઆરી માસનો અનાજનો જથ્થો પોતાના નામે કરીને લાવ્યા હતા. તારીખ ૨૩-૨-૨૦૨૩ નારોજ અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંચાલક દ્વારા ફિંગર લઈને ઘઉં, ચોખા, ખોડ, તુવેર, દાળ, ચણા, મીઠું આ બધું જ રેશનકાર્ડમાં ભરી દેવામાં આવ્યું છે.

જ્યારે સત્ય હકીકત એવી છે કે, પરવાનો રદ થયો ત્યારે નજીકની દુકાન ફેલસાણી ગામના સંચાલકને રૈયોલી ગામનો પરવાનો ચલાવવાની મંજૂરી ડીએસઓએ આપી હતી. જ્યારે ફેબ્રુઆરી માસનો પરવાનો ચલાવવાની મંજૂરી પંકજભાઈ એસ. મેહરાને આપી છે. હવે જ્યારે ફેબ્રુઆરી માસનો જથ્થો ગ્રાહક લેવા જાય છે, ત્યારે ફિંગર લઈને ખાલી ઘઉં,ચોખાનું જ વિતરણ કરવામાં આવે છે. ખાંડ,દાળ,ચણા આપવામાં આવતું નથી. જ્યારે ફિંગર ગ્રાહક આપે છે ત્યારે પૂરતો જથ્થો ઉપડી ગયો છે, તેવું સાબિત થઈ જાય છે. જ્યારે સંચાલક દ્વારા કહેવામાં આવે છે કે, ખાંડ,ચણા,તુવેર,દાળ આ જથ્થો મારામાં ઉધારેલ નથી અને દિનેશભાઈનામાં છે, તો ફિંગરમાં કઈ રીતે જથ્થો બતાવે છે અને જો દિનેશભાઈને જથ્થો ફાળવેલ હોય તો મામલતદારે અધૂરો જથ્થો વહેંચવાની પરવાનગી કેમ આપી હવે ૨૮ તારીખ આખર તારીખ હોય તો ગ્રાહક ફરી લેવા જવાનો નથી. તો આ ખાંડનો ચણા, તુવેર દાળ આ જથ્થાનો માલિક કોણ મામલતદાર જવાબ આપે.

જ્યારે બીજી બાજુ એવી હકીકત છે કે, ખાંડ,ચણા, તુવેર દાળ આ જથ્થો દિનેશભાઈના નામે છે, એ હું આપી શકું નહીં તો મામલતદાર સાહેબ આપ નક્કી કરો કે આ જથ્થો ગરીબોને મળ્યો છે કે કેમ આ જથ્થાનો માલિક કોણ સરકાર માંથી તો આ જથ્થો ગરીબોના ઘર સુધી પહોંચી ગયો છે. તો આપ સાહેબ આ જથ્થાને શું કરશો માલિક કોણ કે સગે વગે કરવાનું કાવતરૂં છે. ગામડાની ભોળી પ્રજાને છેતરવાનું બંધ કરો અને ભ્રષ્ટાચારીઓને સજા મળે તેવી ગામડાના ગરીબ ભોળી પ્રજાની લોકમાર્ગ છે.

# બાલાસિનોર વિધાનસભાના પૂર્વ ધારાસભ્યનો ભાજપ સરકાર ઉપર આક્ષેપ



બાલાસીનોર,
ગુજરાત સરકારની તળાવો ભરવાની વાતો એક લોલીપોપ જેવી સાબિત થઈ રહી છે. ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છતાં ૧૪ વિધાનસભામાં અંદાજપત્રમાં જાહેરાત કરવામાં આવી હતી કે, ૨ કિમીને બદલે હવે ૩ કીમી સુધી લંબાઈવાળા તળાવો ભરવામાં આવશે, પણ આજ દિન સુધીમાં પરિપત્ર જ કર્યો નથી અને વાતો કરવામાં આવે છે કે તળાવ ભરવામાં આવશે. ૨૦૨૧ના પહેલા સત્રમાં ૧૨૧ વિધાનસભાના MLA તરીકે વિધાનસભામાં રજુઆત કરેલીને જેમાં ૧૦ જેટલા તળાવો ભરવાની રજુઆત કરેલી પણ સરકારે કોઈ પ્રગતિ આજ દિન સુધીમાં કરી નથી. કદાચ કોંગ્રેસના ધારાસભ્ય તરીકે મારી વાતના સ્વીકારી હાલ તો તાલુકા પ્રમુખ થી લઈ વડાપ્રધાન સુધી ભાજપની સરકાર છે, તો શું તકલીફ છે, તળાવો ભરવામાં પ્રજાના હિતમાં તાત્કાલિક તળાવો ભરવા તેમજ પીવાના પાણીની જોગવાઈ કરવીએ સરકારની ફરજ છે.

# વીરપુર તાલુકાના જમાલપુર ખાતે દૂધમંડળીના નવીન મકાનનું ઉદ્દઘાટન કરવામો આવ્યું



વીરપુર,
જમાલપુર દૂધ મંડળીના નવીન મકાન માટે પશુપાલન દૂધઘર યોજના હેઠળ રૂ.૫,૦૦,૦૦૦ લાખ જેટલી માતબર રકમની મંજૂરી હેઠળ નવીન મકાનનું બોધકામ કરવામો આવ્યું. તેના ઉદ્દઘાટન નિમિત્તે ૧૨૧ બાલાસિનોર વિધાનસભાના ધારાસભ્ય માનસિંહજી ચૌહાણની ઉપસ્થિતિમાં રીબીન કાપી પ્રસંગને અનુરૂપ ઉદ્દબોધન કરી મકાનને ખુલ્લું મુકવામો આવ્યું. જેમાં અમૂલ ડેરી પૂર્વ ડિરેક્ટર રાધુસિંહજી તેમજ સ્થાનિક સરપંચના પ્રતિનિધિ તેમજ પૂર્વ સરપંચ, ડેલિગેટ તેમજ સુપરવાઈઝર રણજીતસિંહ સેલેશભાઈ તેમજ સેક્રેટરી, ચેરમેન, વાઈઝ ચેરમેન અને કર્મચારીગણ તેમજ સભાસદો મોટી સંખ્યામાં હાજર રહ્યા.



દાહોદ જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી પરિવાર સાથે આવી પૂજા અર્ચના કરી હતી અને આ પર્વની ધામધુમ પૂર્વક ઉજવણી કરી હતી. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા શિવ મંદિરે પુજા અર્ચના કરી હતી. નીજ મંદિરે પરિવારજનો સાથે હાજર રહી નેહાકુમારી દ્વારા ભગવાન શિવજીની પુજા, અર્ચના કરી હતી. ત્રણ દિવસની પૂજા બાદ ત્રીજા દિવસે મહાદેવજીની ત્રણ પહોરની પૂજા કરવામાં આવી હતી અને ત્યાર બાદ મહાપ્રસાદી રાખેલ હતી. જેમાં હજારો ભકતો એ ભોલેનાથની પ્રસાદીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ફતેપુરા થી પસાર થતી દાહોદ-ગરબાડા બસમાં વાયરીંગ બળતાં મુસાફરોને સલામત બહાર કાઢ્યા



દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા નગર માંથી પસાર થતી દાહોદ-ગરબાડા બસમાં અચાનક અગમ્યકારણોસર બસનું વાયરીંગ બળી જતાં બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોટ્યાં હતાં. ઘટનાને પગલે બસના ચાલક તેમજ કંડક્ટરે સમય સુચકતા વાપરી બસમાં સવાર મુસાફરોને હેમખેમ બસમાંથી બહાર કાઢ્યાં બાદ બસમાં વાયરીંગમાં લાગેલ આગ ઉપર પાણીનો મારો ચલાવતાં આગને કાબુમાં લીધી હતી.

ફતેપુરા નગરમાંથી પસાર થતી દાહોદ-ફતેપુરા બસ ફતેપુરા બસ સ્ટેશન ખાતેથી નીકળી દાહોદ આવી રહી હતી તે સમયે ફતેપુરામાંજ બસના વાયરીંગમાં ચાલુ બસે આગ ભભુકી ઉઠતાં ફતેપુરા નગરમાંજ બસને ઉભી રાખવાની ચાલકને ફરજ પડી હતી. બસમાં સવાર મુસાફરોને હેમખેમ બહાર કાઢવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને સ્થાનીક લોકોની મદદથી બસના ચાલક અને કંડક્ટરે બસમાં વાયરીંગમાં લાગેલ આગ ઉપર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ્દનસીબે ઘટનાને પગલે કોઈ મુસાફરને જાનહાની થવા પામી ન હતી. આગ ક્યાં કારણોસર લાગી તેનું સાચુ કારણ જાણવા મળ્યું નથી.

# લુણાવાડા તાલુકાની જામાંપગીના મુવાડા પ્રા.શાળા ૫ શિક્ષકોની કચ્છમાં બદલી : વાલીઓ દ્વારા શાળાને તાળાબંધી કરવામાં આવી



લુણાવાડા,
ભારતીય સંસ્કૃતિની સભ્યતાનો બાળકો અને યુવાનો આદર કરે અને ચારિત્ર્ય નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના ઘડવૈયા બને તે હેતુસર મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં માતાપિતા પૂજન દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું. ત્યારે લુણાવાડા તાલુકાની જામાંપગીના મુવાડા અને કડાણા તાલુકાની રણકપુર સરકારી પ્રાથમિક શાળામાં બળાત્કારી આશારામનું બેનર લગાવવામાં આવ્યું તેમજ ખુરશીમાં આસારામનો ફોટો મૂકી તેના પર ફૂલ હાર ચઢાવીને તેની આરતી ઉતારવામાં આવી હતી. જામાંપગીના મુવાળા અને રણકપુર પ્રાથમિક શાળામાં યોજાયેલ માતૃ પિતૃ પૂજન દિવસના કાર્યક્રમ દરમ્યાન જેલમાં બળાત્કારની સજા ભોગવતા બળાત્કારી આશારામની આરતી ઉતારવામાં આવી હતી. આ સમગ્ર બાબતમાં અનેક નેતાઓ પણ ત્યાં હાજર હતા અને આરતી ઉતાતતા હોય તેવુ વીવિયો ફોટોમાં જોવાઇ રહ્યું હતું. તેમજ કાર્યક્રમમાં હાજર કેટલાક લોકો અને શિક્ષકો આશારામી આરતી ઉતારી હોય તેવુ પણ જોવા મળી રહ્યું હતું. સમગ્ર બનાવના વીડિયો ફોટો સામે આવતા વિવાદ સર્જાયો છે જે બાબતે શિક્ષણ વિભાગના સેક્શન અધિકારી દ્વારા ૫ શિક્ષકોને મહીસાગર જિલ્લામાંથી કચ્છ જિલ્લામાં બદલી સાથે ખાતાકીય તાપસ આદેશ એવાં આવ્યા હતો. જેને લઈ વાલીઓ દ્વારા આજ શક્ષકો જોઈએ જેવા નારા સાથે સ્કૂલને તાળાબંધી કરવામાં આવતા શિક્ષકો દ્વારા બાળકોને શાળાની બહાર મેદાનમાં ભણાવવાની ફરજ પડી હતી.

# દાહોદ સંત નિરંકારી મિશન અંતર્ગત અમૃત પરિયોજના ભક્તોએ દાહોદ દુધીમતી નદીના કિનારે સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ સંત નિરંકારી મિશન દ્વારા આઝાદીના ૭૫માં અમૃત મહોત્સવના અવસર પર સદ્દગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતાજીના પાવન સાન્નિધ્યમાં ૨૬ ફેબ્રુઆરી રવિવારના રોજ અમૃત પરિયોજના અંતર્ગત સ્વચ્છ જળ-સ્વચ્છ મનનો શુભારંભ કરવામાં આવ્યું હતું. દાહોદમાં દુધીમતી નદીના કિનારે સ્વચ્છતા અભિયાનમાં દાહોદ ઝોન ના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈ તથા દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ નિરંકારી સેવાદલના મહાત્માઓ સાથે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતાં.

આ અમૃત પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય જળ સંરક્ષણ તથા તેના બચાવ માટે અલગ-અલગ યોજનાઓ બનાવવી તથા તે યોજનાઓને અમલીરૂપ આપવાની સાથે જ મુખ્ય બિંદુ જળસ્નીત્રોત ની સ્વચ્છતા તથા સ્થાનીય જનતા માટે જાગરૂકતા અભિયાનના માધ્યમથી તેઓને પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે જ ૨૬ ફેબ્રુઆરી, રવિવારના રોજ સવારે ૮ વાગ્યા થી સેંકડો નિરંકારી ભક્તો રામસાગર તળાવના કિનારે તથા ઝુલેલાલ ઘાટ પર જામેલી લીલ, કીચડ, પ્લાસ્ટિક કચરો વગેરે ગંદગી સાફ કરી સ્વચ્છ જળ સ્વચ્છ મનનો સંદેશ આપ્યો હતો. બાબા હરદેવસિંહ મહારાજ દ્વારા સમાજ કલ્યાણ માટે આજીવન અનેક કર્યો કરવામાં આવ્યા જેમાં સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણ અભિયાનનો આરંભ મોખરે છે. બાબા હરદેવસિંહ મહારાજની શિક્ષાઓથી પ્રેરણા લઈ દરેક વર્ષની જેમ જ આ વર્ષે પણ નિરંકારી મિશન દ્વારા નિરંકારી સદ્દગુરૂ માતા સુદીક્ષા જી મહારાજના નિર્દેશાનુસાર અમૃત પરિયોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત નિરંકારી મિશનના સચિવ જોગીન્દર સુખીજાના હવાલા થી વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું કે, અમૃત પરિયોજના સંપૂર્ણ ભારતવર્ષના લગભગ ૧૦૦૦ સ્થળો પર ૭૩૦ શહેરો, ૨૭ રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશોમાં વિશાળરૂપમાં આયોજિત કરવામાં આવશે. જેમાં નિરંકારી મિશનના લગભગ દોઢ લાખ સ્વયંસેવકો તેમના સહયોગ દ્વારા જળ સંરક્ષણ અને જળ સંસ્થાઓ જેમ કે સમુદ્ર કિનારાઓ, નદીઓ, તળાવો, ઝીલ, કુવા, પોખર, જોહ્ડ, ભિન્ન ઝરણાઓ, પાણીની ટાંકીઓ, નાલીઓ અને જળ ધારાઓ વગેરે ને સ્વચ્છ અને નિર્મળ કર્યો હતો. આ અભિયાનમાં મુખ્યતઃ ઉત્તરી ક્ષેત્ર થી વ્યાસ, ગંગા, યમુના, ઘાઘરા, કેન્દ્રીય ક્ષેત્રમાં ચંબલ, બેતવા, નર્મદા, કૃષ્ણા, તાપી, સોન નદી, પશ્ચિમી ક્ષેત્ર થી સાબરમતી, મહી, તવા, પૂર્વી ક્ષેત્ર થી મહાનદી, ગોદાવરી, અને દક્ષિણી ક્ષેત્ર થી કૃષ્ણા, કાવેરી, કોલીદ્મ વગેરે પ્રમુખ નદીઓને સંમિલિત કરવામાં આવી છે.

અમૃત પરિયોજનાઅંતર્ગત ભારતના દક્ષિણી ક્ષેત્રોના મુખ્ય તટબંધોની સ્વચ્છતા જેમાં સુરત, મુંબઈ થી લઇ ગોવા સુધીના કોંકણ બેલ્ટ, માલાબાર તટના કર્ણાટક, કેરળની તટીય રેખાઓ અને અરબ સાગરની પશ્ચિમી ઘાટની સીમાને તથા કોરોમંડળ તટના દક્ષિણી પૂર્વીય તટીય ક્ષેત્રોને સ્વયંસેવકોની ટીમ દ્વારા આવરી લેવામાં આવશે. આ ઉપરાંત પૂર્વમાં બંગાળની ખાડી અને દક્ષિણમાં કાવેરી ડેલ્ટાને પણ કવર કરવામાં આવ્યું હતું. નિઃસંદેહ આ પરિયોજના પર્યાવરણ સંતુલન, પ્રાકૃતિક સુંદરતા અને સ્વચ્છતા માટે થવા જઈ રહ્યું એક પ્રશંસનીય તથા પ્રોત્સાહન આપનારો પ્રયત્ન છે. વર્તમાનમાં આપણે આવી જ લોક કલ્યાણકારી પરિયોજનાઓને ક્રિયાન્વિતરૂપ આપી આપણી આ સુંદર ધરતીને હાની થતા બચાવી શકીએ છીએ. સાથે જ પ્રાકૃતિક સંસાધનોના દુરૂપયોગ પર પણ રોક લગાવી શકીએ છીએ તેમ જણાવ્યું હતું.

# લીમડી રીધમ હાર્ટ ઈન્સ્ટીટયુટ ખાતે નિઃશુલ્ક હાર્ટ ચેકઅપ કેમ્પ યોજાયો

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં રીધમ હાર્ટ ઈન્સ્ટિટયૂટ દાહોદ અમે લાયન્સ કલબ ઓફ લીમડી દ્વારા નિઃશુલ્ક હાર્ટ ચેક-અપ કેમ્પ યોજાયો.

૨૦૦ થી વધુ લોકો દ્વારા કેમ્પમાં ભાગ લેવામાં આવ્યો. ૨૬-૦૨-૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યા થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલમાં રીધમ હાર્ટ ઈન્સ્ટિટયૂટ દાહોદ અને લાયન્સ કલબ ઓફ લીમડી દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૦૦ થી વધુ લોકો દ્વારા કેમ્પમાં ભાગ લેવામાં આવ્યો હતો.

# આપની આજ.......

મેષ : આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

વૃષભ : આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

કર્ક : આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

સિંહ : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

કન્યા : તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન : આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કુંભ : આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

મીન : આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

# અમૃતકાળમાં અગ્રેસર ગુજરાત

## ગુજરાત બજેટ 2023-24



કોઈ પણ પ્રકારના **નવા કરવેરા વિનાનું** બજેટ

## અમૃતકાળમાં ગુજરાતના 5 સ્તંભ

### 1 સામાજિક સુરક્ષા

- ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે પાયાની સુવિધાઓ સહિત સામાજિક સુરક્ષા માટે આગામી 5 વર્ષમાં અંદાજે **₹ 2 લાખ કરોડનો** ખર્ચ કરાશે
- કોટવાળિયા, કોલઘા, કાથોડી, સીદી, પઢાર તેમજ હળપતિઓના વિકાસ માટે **મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના**ની જાહેરાત
- સર્વગ્રાહી અને સંતુલિત વિકાસની યાત્રા આગળ ધપાવતા શ્રમયોગીઓના કલ્યાણ માટે **શ્રમિક બસેરા યોજના**ની જાહેરાત
- સામાજિક સુરક્ષાની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જરૂરિયાતમંદ પરિવાર સુધી પહોંચે તે માટે **ફેમિલી કાર્ડ** આપવામાં આવશે

### 2 માનવ સંસાધનનો વિકાસ

- માનવ સંસાધન વિકાસ માટે આગામી 5 વર્ષમાં અંદાજે **₹ 4 લાખ કરોડ**નો ખર્ચ કરાશે
- સંયુક્ત રાષ્ટ્ર સંઘે વર્ષ 2023ને **મિલેટ વર્ષ** જાહેર કરેલ છે. લોકોમાં "શ્રી અન્ન" નો ઉપયોગ વધારવા વ્યાજબી ભાવની અનાજની દુકાનોના વિતરણમાં તેનો સમાવેશ કરવામાં આવશે
- પ્રધાનમંત્રી જનઆરોગ્ય-મા યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વીમાની વાર્ષિક મર્યાદા ₹ 5 લાખથી વધારીને **₹ 10 લાખ** કરવાની જાહેરાત
- વર્લ્ડ બેંકની લોન સાથે **"શ્રેષ્ઠ ગુજરાત"** બહુ આયામી આરોગ્યલક્ષી યોજનાનો આગામી 5 વર્ષમાં અમલ કરવામાં આવશે
- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સગવડો સાથે ડિજિટલ શિક્ષણની સગવડો ઊભી કરવા **₹ 10 હજાર કરોડ**ના ખર્ચે પ્રોજેક્ટ

### 3 ગ્રીન ગ્રોથ

- પર્યાવરણ અને વિકાસની સમતુલા જાળવવા આગામી 5 વર્ષમાં **₹ 2 લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે
- પ્રકૃતિ પ્રત્યે સંવેદના કેળવવા અને તેને અનુકૂળ જીવનશૈલી માટે જનસામાન્યને પ્રેરિત કરવા લાઇફ સ્ટાઇલ ફોર એન્વાર્યમેન્ટ (**મિશન LiFE**)ને સમાજજીવનનો અગત્યનો ભાગ બનાવવાનો નિર્ધાર

### 4 કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રનો વિકાસ

- કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે આગામી 5 વર્ષમાં અંદાજે **₹ 2 લાખ કરોડ**નો ખર્ચ કરાશે
- ખેડૂતોને ડ્રીપ અને સ્પ્રિંકલર સિસ્ટમ વસાવવા માટે **₹ 1500 કરોડ**ની જોગવાઇ
- **યાત્રાધામ કોરિડોર** બનાવી દ્વારકાનગરીના મૂળ વૈભવને પુન:સ્થાપિત કરવામાં આવશે
- **રાજ્યના 5 પ્રવાસન સ્થળો** સ્ટેચ્યુ ઓફ યુનિટી, સફેદ રણ-ધોળાવીરા, અંબાજી-ધરોઇ ક્ષેત્ર, ગીર અભ્યારણ્ય-સોમનાથ અને દ્વારકા-શિવરાજપુર બીચને વિકસાવવા માટે આગામી 5 વર્ષમાં અંદાજે **₹ 8 હજાર કરોડ**નો ખર્ચ કરવામાં આવશે

### 5 આંતરમાળખાકીય સવલતો

- વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સવલતો ઊભી કરવા આગામી 5 વર્ષમાં અંદાજિત **₹ 5 લાખ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે
- આગામી 3 વર્ષમાં સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા **પરિક્રમા પથ યોજના**ની જાહેરાત
- કેશોદ એરપોર્ટનું વિસ્તરણ અને દ્વારકા ખાતે **નવા એરપોર્ટ**ના નિર્માણનું આયોજન
- ગ્રામ્ય કક્ષાએ ઘરો સુધી ડિમાન્ડ આધારિત ઇન્ટરનેટ કનેક્ટિવીટી આપવા માટે **ફાયબર નેટવર્ક** ઊભું કરવામાં આવશે

> ગયા વર્ષના ₹ 2.45 લાખ કરોડના બજેટ કરતાં આ વર્ષે **₹ 3 લાખ કરોડથી વધુનું બજેટ** ગત વર્ષ કરતાં 23%ના વધારા સાથે આપ્યું છે. આ બજેટ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની નેમ પાર પાડતું ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ છે.
>
> \- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત



